# પ્રોફેશનલ્સ પાર્ટી ઓફ ઈન્ડિયા

**ચૂંટણી ઢંઢેરો**

## આર્થિક સુધારણા માટેનો ઢંઢેરો

### ઉદ્દેશ્ય : દરેક ભારતવાસીઓનું જીવનસ્તર સુધારવાનો

૬૦ વર્ષ પૂર્વ આપણા દેશમાંથી વિદેશીઓને હાંકી કાઢવાને માટે આપણે લડત ચલાવી રહ્યા હતા અને તેઓ દેશ છોડવાનું નકારી રહ્યા હતા. આજે વર્ષો બાદ, તેઓને પાછા આવવા માટે આપણે કરગરી રહ્યા છીએ અને તેઓ આવવા માટે ઈન્કાર કરી રહ્યા છે!

કારણ તમે જાણો છો.

મોટાભાગના રાજ્યો નાદાર બન્યા છે. ફુગાવો વધી રહ્યો છે. સમાંતર અર્થતંત્ર એટલે કે ગેરકાયદે અર્થતંત્ર, મુખ્ય પ્રવાહના અર્થતંત્ર જેટલું જ મોટું છે. દેશમાં અતિ દરિદ્રતા પ્રર્વતે છે. ભૂખને કારણે મૃત્યુની ઘટનાઓ વારંવાર નોંધાય છે. મુંબઈની પચાસ ટકા વસ્તી કઢંગી અને કદરૂપી ઝૂપડપટ્ટીઓમાં રહે છે.

આમાંથી કોઈપણ સમસ્યાને ઉકેલવા માટેની કોઈ યોજનાઓ નથી.

વૈશ્વિક વસ્તીમાં ભારતની જનસંખ્યા ૨૦ ટકા છે. આપણે અન્ય અર્થતંત્રોનું ઘડતર કરવામાં મદદ કરી છે. આપણને ખરા આર્થિક વાતાવરણની આવશ્યકતા છે. અર્થતંત્રને આપણે વેગ પૂરો પાડવો જોઈએ. સંપત્તિનું સર્જન કરવું જોઈએ, સંપત્તિનું વિતરણ કરવું જોઈએ અને સંપત્તિને ફરતી રાખવી જોઈએ. તે આપણો મંત્ર હોવો જોઈએ અને ગરીબ લોકોના સમૃદ્ધ રાષ્ટ્ર તરીકેની આપણી છાપ મટવી જોઈએ!

૧. અમે વ્યકિતગત આવકવેરાને નાબૂદ કરશું.

૨. કોર્પોરેટ, આબકારી જકાત અને સર્વિસ ટેકસ તથા વેલ્યુ એડેડ ટેકસ (વેટ) માટે પ્રામાણિક અને ન્યાયપૂણે નીતિઓ ઘડી કાઢવામાં આવશે જેથી નીચે વર્ણાવેલ સમસ્યાઓનું કે પ્રશ્નોનું મહદઅંશે નિરાકરણ લાવી શકાશે.

   ક) વ્યકિતગત આવકવેરો નાબૂદ કરવાથી સર્જાનારી ખાધને પહોંચી વળવા.
   ખ) કરવેરાની વસૂલાત માટેનો એકંદર ખર્ચ ઘટાડવા.

૩. કરવેરા પદ્ધતિને સંપૂર્ણપર્ણે સરળ બનાવવામાં આવશે - કરવેરાના બહુવિધ પોઈન્ટોને નાબૂદ કરવામાં આવશે.

૪. કરવેરાના તમામ દરોને પાંચ વર્ષ માટે સુનિશ્ચિત કરવામાં આવશે.

૫. નાકાવેરો અર્થાત્ ઓકટ્રોયને નાબૂદ કરવામાં આવશે.

૬. હજી પણ ભારે જોખમ સાથે દોડતી પ્રદૂષણ સર્જતી જરીપુરાણી ટ્રકો અને બસો તથા મિલકતને બદલવા માટે અગ્રતાના ધોરણે ભંડોળ પૂરૂ પાડવામાં આવશે.

૭. આર્થિક પ્રવૃતિને વેગ આપવામાં આવશે.

ક) ફિલ્મોને ઉદ્યોગનો દરજ્જો આપવામાં આવશે.

ખ) મનોરંજન કેન્દ્રો તથા ગોલ્ફ કોર્સો બાંધવા માટે પ્રોત્સાહન પૂરુ પાડવામાં આવશે.

ગ) તમામ સંસ્થાનોને તેઓ જેટલા લાંબા સમય સુધી ખુલ્લ રહેવા માંગે તેટલા સમય સુધી ખુલ્લા રાખવાની તેમને છૂટ આપવામાં આવશે.

૮. નવી પર્યટન નીતિ ઘડવાની દિશામાં, ૫૦ રાષ્ટ્રીય સ્મારકો - હેરિટેજનાં સ્થળોને ઓળખી કાઢવામાં આવશે.

૯. આ સ્મારકો તથા હેરિટેજ સ્થળોનું ખાનગીકરણ કરવામાં આવશે.

૧૦. હબ અને સ્મોક ડિઝાઈનનાં આધારે વિમાનીમથકોનું માળખું રચવામાં આવશે.

૧૧. માર્ગ પરવિહનના નવીનતમ માળખાની યોજનાનો અમલ કરવામાં આવશે.

૧૨. જાહેર પરિવહન વ્યવસ્થાઓને ૫૦ ગણી વધારીને સુગમ અને આરામદાય બનાવવામાં આવશે.

૧૩. દરિયા કિનારાના પ્રવાસ માટે શિપિંગ લાઈનો શરૂ કરવામાં આવશે. દાખલા તરીકે, લોકો જહાજમાં ચેન્નઈથી વિશાખાપટ્ટનમ, પુરીથી કોલકાત્તા, વાસ્કોથી કોચીન અને ચેન્નઈ અને વાશીતી એપોકો બંદર સુદ્ધાંનો પ્રવાસ શસા માટે નહીં ખેડી શકે તે માટેનું કોઈ કારણ નથી.

૧૪. જૂની ટેકસીઓ અને ઓટો રિકશાઓને નવી ટેકસીઓ અને ઓટો રિકશાઓ વડે બદલવા માટેની રાષ્ટ્રીય પહેલને ટેકો પૂરો પાડવામાં આવશે. રેડિયો નેટવર્કિંગ ગોઠવવામાં આવશે જેથી ખાલી વાહનોની બિનઆવશ્યક અવરજવરને ઘટાડી શકાય.

૧૫. નવીન વિશેષ કરવેરા શરૂ કરવામાં આવશે, દાખલા તરીકે:

ક) જે વાહન માલિકોને વિશેષ વાહન નંબરો જોઈતા હશે તેઓને વાર્ષિક શુલ્ક લઈને આવા નંબરો ફાળવામાં આશે.

ખ) વાર્ષિક શુલ્ક લઈને ઉદ્યોગગૃહોને જાળવણી માટેની ફૂટપાથો ફાળવવામાં આવશે.

૧૬. સજાગ પ્રયત્નો - રાજકીય હસ્તક્ષેપ વિના વીજળી - ઉર્જાની ચોરીને નાબૂદ કરવામાં આવશે.

**કોપીરાઈટ : *<u>૨૦૦૮, પ્રોફેશનલ્સ પાર્ટી ઓફ ઈન્ડિયા</u>***

આ દસ્તાવેજના કોઈપણ ભાગની મુદ્રણ અથવા ડિજિટલ કોઈપણ સ્વરૂપમાં પ્રોફેશનલ્સ પાર્ટી ઓફ ઈન્ડિયાની પરવાનગી વિના નકલ અથવા પુન:રજૂઆત કરી નહીં શકાય.

# પ્રોફેશનલ્સ પાર્ટી ઓફ ઈન્ડિયા

**ચૂંટણી ઢંઢેરો** **ઔદ્યોગિક સુધારણા માટેનો ઢંઢેરો**

**ઉદ્દેશ્ય : દરેક ભારતવાસીઓનું જીવનસ્તર સુધારવાનો**

દરેક એશિયાઈ દેશ મજબૂત બની ગયા છે. આપણે વારંવાર તક ચુકી ગયા છે. ચાલો આપણે આ વખતે તકને ઝડપી લઈએ.

૧. માહિતી અને તંત્રજ્ઞાન એ આપણા દેશને વિશ્વસ્તર પર સારી એવી ઓળખ આપી છે. "મેઈડ ઈન ઈન્ડિયા" ને હવે સારો એવો પ્રતિસાદ મળી રહ્યો છે. જો ઉદ્યોગ પર સરખુ ધ્યાન આપવામાં આવે તો આપણો દેશ ઉદ્યોગનાં ક્ષેત્રમાં સૌથી મોટું સ્થાન મેળવી શકે છે. આપણે વ્યાપક ઔદ્યોગિક પાયો ધરાવીએ છીએ. જો યોગ્યપણે કામમાં લેવાય તો આપણો ઉદ્યોગ વિશ્વમાં સૌથી મોટો બની શકે.

   ક) વીજળી કોઈપણ રીતે વિપુલ પ્રમાણમાં, સ્વચ્છ અને સંપૂર્ણ ઉર્જા પૂરી પાડવામાં આવશે.
   ખ) વિજળીના દરોને ધોરણપ્રમાણે અને જરૂર પ્રમાણે રખાશે.
   ગ) જ્યાં ખાનગીકરણની જરૂરિયાત છે ત્યાં નિર્વિઘ્ન ઉત્પાદન માટે જરૂરી એવા પગલા લેવામાં આવશે.

૨. પરિવહનના માળખાને સુધારવામાં આવશે.

સાથોસાથ, ટેલિ-કૉન્ફરન્સિંગની ટેકનોલૉજીને સામેલ કરાશે અને તેને વિપુલ તથા સસ્તી બનાવવામાં આવશે જેથી તે લોકપ્રિય બને અને દરેક સ્થળે ઉપલબ્ધ થવા પામે. આતી પ્રવાસ સંબંધિત માળખા પરનો બોજ ઘટશે. વાહનવ્યવહારની ગીચતા નહીં સર્જાય. ધંધાકીય વહીવટકર્તાઓ સંદેશવ્યવહારના અન્ય સાધનો કામ નહીં લાગે ત્યારેજ અનિવાર્ય સંજોગોમાં પ્રવાસ ખેડશે. આથી પ્રવાસ માળખા પરના બોજને ૩૩ ટકા જેટલો ઘટાડી શકાશે.

જો આપણી પાસે માહિતી-તંત્રજ્ઞાનની પ્રવીણતા-કાબેલિયત છે, તો તેને નજરે પડવા દો!

૩. કરવેરાનું માળખુ પ્રમાણિક અને ન્યાયપૂર્ણ કરાશે. તમામ ક્ષેત્રોમાં કરવેરાની ચાર-પોઈન્ટની પદ્ધતિ રખાશે અને તેને પાંચ વર્ષ માટે સુનિશ્ચિત કરવામાં આવશે અર્થાત યથાવત રાખવામાં આવશે.

૪. શ્રમ નીતિને એવી રીતે ઘડવામાં આવશે કે તે ઉત્પાદનશકિત સાથે મેળ ખાશે.

૫. બંદરો તથા વિમાનીમથકોને અત્યાધુનિક બનાવી અતિકાર્યદક્ષ આંતરરાષ્ટ્રીય હરોળમાં રૂપાંતર કરશે જે વિલંબવાદથી મુકત હશે.

૬. વપરાયેલી (સેકન્ડ હેન્ડ) યંત્રસામગ્રીની આયાતને ગંભીરપણે નિરૂત્સાહી બનાવવામાં આવશે.

૭. નદીઓ તથા અન્ય જળસ્ત્રોતોમાં પ્રદૂષિત પદાર્થોના નિકાલને રોકવા કાયદાનો અમલ કરવામાં આવશે. શહેરો અને નગરોમાં દરેક નદી માટે બંધ-પાળા બાંધવામાં આવશે. નદીઓના તળિયેથી કાદવ-કીચડ ખેંચી કાઢવામાં આવશે જેથી નદીઓનો નૌકાનયન અને સહેલ કરવાની બોટો માટે ઉપયોગ કરી શકાય. જે આવક સુધ્ધાં રળી આપશે.

૮. દરેક ઔદ્યોગિક નગરી નજીક કચરા પર પ્રક્રિયા કરવા માટે કેન્દ્રો ઉભા કરવામાં આવશે.

**કોપીરાઈટ : *૨૦૦૮, પ્રોફેશનલ્સ પાર્ટી ઓફ ઈન્ડિયા***
આ દસ્તાવેજના કોઈપણ ભાગની મુદ્રણ અથવા ડિજિટલ કોઈપણ સ્વરૂપમાં પ્રોફેશનલ્સ પાર્ટી ઓફ ઈન્ડિયાની પરવાનગી વિના નકલ અથવા પુન:રજૂઆત કરી નહીં શકાય.

# પ્રોફેશનલ્સ પાર્ટી ઓફ ઈન્ડિયા

**ચૂંટણી ઢંઢેરો** **કૃષિ સુધારણા માટેનો ઢંઢેરો**

**ઉદ્દેશ્ય : દરેક ભારતવાસીઓનું જીવનસ્તર સુધારવાનો**

જો આપણું અર્થતંત્ર ખેતી પર નિર્ભર હોય તો આપણા ખેડૂતો તંદુરસ્ત રહેવા જોઈએ અને ખેતર ઉપજાઉ હોવું જોઈએ.

વારાફરતી દરેક પેઢી વચ્ચે જમીનના ભાગલા પડવાને કારણે ખેતીવાડીની જમીન સંકોચાઈ-ઘટી રહી છે. ઉત્તમ ગુણવત્તાના ઉત્પાદન માટે ખેતરનું જતન, યાંત્રિક ખેતીવાડી અને ખેતી માટે વપરાતી સામગ્રી મહત્વપૂર્ણ છે.

૧. ખેતીવાડીની જમીનને ૫૦૦૦ એકર જેવા વિસ્તૃત પટ્ટામાં જોડી દેવા ખેડૂતોને પ્રોત્સાહન આપવામાં આવશે. ત્યારબાદ યાંત્રિક ખેતીવાડી વડે ઉત્પાદન વધારી શકાશે. તેનો નફો જમીન-માલિકોને આપવામાં આવશે.

૨. હરિયાળા ક્ષેત્રોની આંકણી કરી સૂકી-નકામી જમીનના પટ્ટા ઔદ્યોગિક પ્રવૃતિ માટે સોંપવામાં આવશે.

૩. પાકની જાતો નક્કી કરવામાં આવશે જેથી પાણીની ભારે જરૂર ધરાવતા પાકોની રોપણી પાણીની ખેંચ ન પડે.

૪. બિયારણોનું વિતરણ અને વેચાણની વ્યવસ્થાને સુધારવામાં આવશે જેથી કરીને. 'નકામા' બીજ ઉગે નહીં.

૫. ગ્રામીણ સહકારી મંડળીઓની કામગીરી સુધારવા માટે તેમને વ્યવસાયી સહાય વડે ટેકો પૂરો પાડવામાં આવશે.

૬. કૃષિ વિજ્ઞાન અને ઈજનેરી શિક્ષણને ગ્રામિણ વિસ્તારોમાં લઈ જવામાં આવશે. (જેમ કે રાહુરી યુનિવર્સિટી) અને ખેતીઉત્પાદન વધારવા માટે વૈજ્ઞાનિક ઢબે ખેતીને પ્રોત્સાહન આપવામાં આવશે.

૭. સિંચાઈ માટેની નહરોને આધુનિક બનાવવામાં આવશે અને તેમનો દુરૂપયોગ થતો ટાળવા માટે કાયદાનો અમલ કરાવવામાં આવશે.

**કોપીરાઈટ :** ***૨૦૦૮, પ્રોફેશનલ્સ પાર્ટી ઓફ ઈન્ડિયા***
આ દસ્તાવેજના કોઈપણ ભાગની મુદ્રણ અથવા ડિજિટલ કોઈપણ સ્વરૂપમાં પ્રોફેશનલ્સ પાર્ટી ઓફ ઈન્ડિયાની પરવાનગી વિના નકલ અથવા પુનઃરજૂઆત કરી નહીં શકાય.

# પ્રોફેશનલ્સ પાર્ટી ઓફ ઈન્ડિયા

**ચૂંટણી ઢંઢેરો** **રાજકીય સુધારણા માટેનો ઢંઢેરો**

**ઉદ્દેશ્ય : દરેક ભારતવાસીઓનું જીવનસ્તર સુધારવાનો**

ભારતીય રાજકારણ સંપૂર્ણપણે ખાડે ગયું છે. પહેલી અડધી સમસ્યા વ્યવસાયી રાજકારણીઓ છે જયારે બાકીની અડધી સમસ્યા રાજકારણનું વ્યવસાયીકરણ છે.

જ્યાં ૪૦ ટકા પ્રજા નિરક્ષર અને અતિદરિદ્ર  છે એવા લોકતંત્રમાં મતદારોને સહેલાઈથી ભોળવી શકાય એવા મતદારો હોય છે. લલચામણા વચનો, લાંચ અને સખાવતથી મતદારોને સહેલાઈથી ગેરમાર્ગે દોરી શકાય છે.

"ચૂંટાઈ આવવું" એ જ ખુદ હેતુ બની ગયો છે! ચૂંટાઈ આવેલા લોકો પાસે પણ યોજનાઓ અથવા ઉદ્દેશ્યોં હોતા નથી. તેઓનો એકમાત્ર લક્ષ્ય ચૂંટાઈ આવવાનો જ હોય છે. દેખીતી રીતે ચૂંટાઈ આવવું ખૂબ જ નફાકારક છે.

રાજકારણીઓને દીર્ઘદ્રષ્ટાવિહોણા બની ગયેલા કહી શકાય. ચોમેર ભ્રષ્ટાચાર વ્યાપેલો છે. ગુંડાવાદ અને સમાજનું અપરાધીકરણ તેનું પરિણામ છે. મહાનુભાવવાદ તેઓને જોઈતું વેગ પૂરૂ પાડે છે. વધુ મહત્ત્વ વધુ સત્તા સર્જે છે. ઉત્તરદાયિત્વોનો અંશ સુધ્ધાં નહીં ધરાવતો અનૈતિક રાજકીય વર્ગ, આજે સંપૂર્ણપણે અસ્પર્શ્ય છે.

જેમ દડો ટેકરી પરથી નીચે ઝડપથી સરકતુ હોય એવી બગડતી રાજકીય પરિસ્થિતી આપણા દેશની છે. જેવી પરિસ્થિતિ છે. ઝડપથી નીચે ગબડી રહેલા દડાને રોકવામાં હવે વિલંબ થઈ ચૂકયો હોવાનું અનેક લોકોનું માનવું છે.

આ ઢંઢેરાની પ્રસ્તાવનામાં જે કંઈ જણાવવામાં આવ્યું છે તેમાં આશા સમાયેલી છે. હાલ સડી ગયેલી, દૂષિત, સંપૂર્ણપણે ખાડે ગયેલી તથા ભાવવિહોણી રાજકીય પરિસ્થિતિ સામે એકમાત્ર ટકાઉ વિકલ્પ એ દેશનો મધ્યમવર્ગ છે. મધ્યમવર્ગ હવે પડકાર ઝીલી લેવા સજ્જ થાય તો જ સમાધાન મળી શકે એમ છે.

જો પ્રત્યેક મતદાતા પોતે અને પોતાના પ્રભાવનાં વર્તુળમાં બીજા બે મતદાતાઓને આ ઢંઢેરામાં સમાવિષ્ટ દષ્ટિકોણમાં સહભાગી બનાવે, તો ભારતના રાજકારણમાં રીતસરનું પરિવર્તન લાવી શકાય.

૧. દરેક રાજકીય હોદ્દા માટે ઉત્તરદાયિત્વ અને કામગીરીની આંકણી માટેની પધ્ધતિ બનાવવી.

૨. હોદ્દા ધરાવતા રાજકારણીઓ પરના ખર્ચને ૫૦ ટકા સુધી ઘટાડો.

૩. ચૂંટણી પંચે ઉમેદવારો પાસેથી માત્ર સંપત્તિનું વિવરણ જ નહીં, પરંતુ એ સંપત્તિ ક્યાંથી અને કેવી રીતે મેળવી તેનો ખુલાસો પણ માંગવો જોઈએ.

૪. તમામ વિજયી ઉમેદવારોને ટ્રસ્ટો તરીકે ગણવા જોઈએ. આનો અર્થ એવો થયો કે જાહેર હોદ્દો ધરાવતા રાજકારણીઓના જીવનનિર્વાહનો ખર્ચ (દેખીતી રીતે તેઓ પર નિર્ભર પરિવાર) રાજ્યના શિરે હોવો જોઈએ. પરંતુ તેઓ હોદ્દા પર હોય ત્યારે તેઓએ નાણાં કમાવા જોઈએ નહીં.

૫. જાહેર હોદ્દો ધરાવતા તમામ રાજકારણીઓને ભારતના રાષ્ટ્રીય અર્થતંત્રને સુસંગત એવા મધ્યમ કોટિના મકાનોમાં રહેવું જોઈએ.

૬. લોકપાલ ખરડા વડા પ્રધાન સિવાય, કોઈપણ હોદ્દો ધરાવતા દરેક રાજકારણીને લાગુ પડાવવો જોઈએ.

૭. કોઈપણ હોદ્દો ધરાવતા રાજકારણીઓએ ૬૫ વર્ષની વયે નિવૃત થઈ જવું જોઈએ.

**કોપીરાઈટ : *<u>૨૦૦૮, પ્રોફેશનલ્સ પાર્ટી ઓફ ઈન્ડિયા</u>***

આ દસ્તાવેજના કોઈપણ ભાગની મુદ્રણ અથવા ડિજિટલ કોઈપણ સ્વરૂપમાં પ્રોફેશનલ્સ પાર્ટી ઓફ ઈન્ડિયાની પરવાનગી વિના નકલ અથવા પુન:રજૂઆત કરી નહીં શકાય.

# પ્રોફેશનલ્સ પાર્ટી ઓફ ઈન્ડિયા

**ચૂંટણી ઢંઢેરો**

## સામાજીક સુધારણા માટેનો ઢંઢેરો

### ઉદ્દેશ્ય : દરેક ભારતવાસીઓનું જીવનસ્તર સુધારવાનો

પર્યાવરણને સ્વચ્છ અને સુંદર બનાવવાનો, લોકોનું જીવનધોરણ સુધારવાનો, લોકો ખુશહાલ સમૃધ્ધ અને શાંતિમય જીવન વ્યતીત કરી શકે એવા સામાજિક વાતાવરણનું સર્જન કરવાનો, કોઈપણ પ્રકારના કજીયા-ટંટાને બિનમહત્વનું બનાવવાનો, ભારતીય હોવા બદલ ભારતવાસીઓને ગર્વશીલ બનાવવાનો અમારો ઉદ્દેશ્ય છે.

૧. ગામડાં, નગરો અને શહેરોને ટોચની અગ્રતાએ સ્વચ્છ અને સુંદર બનાવવા અને આ કામગીરી માટે ૧૦ વર્ષની રાષ્ટ્રીય નીતિ બનાવવામાં આવશે.

૨-એ. દરેક રસ્તાની બંને બાજુએ ચાલવા માટેની ફૂટપાથો જોઈએ. પગે ચાલવાની ટેવને પ્રોત્સાહન આપવામાં આવશે.

૨-બી. દરેક નગર અને શહેરમાં બાઈસિકલ ચલાવવા માટે અલગ રસ્તા બાંધવાનો અને બાઈસિકલ ચલાવવાની બાબતને પ્રોત્સાહન પૂરૂ પાડવામાં આવશે.

૨-સી. મસમોટા હોર્ડિંગો તથા દીવાલ પર લખવા અને ચિતરામણ કરવાની બાબતને નાબૂદ કરવાનો આશય છે. (આવક પેદા કરવા માટેના વિકલ્પની આર્થિક સુધારણા માટેના ઢંઢેરામાં ચર્ચા કરાઈ છે.)

૩. શહેરોમાં ગીચતા ઘટાડવા માટે અંતરિયાળ વિસ્તારોમાં લોકોનો નવેસરથી વસવાટ કરાવવાની બાબતને તથા પરિવાર નિયોજનને પ્રોત્સાહન અપાશે. સામાજિક અને આર્થિક વિકાસ જ એકમાત્ર દવા છે.

૪. ગામડાં, નગરો તથા શહેરોમાં વિપુલ પ્રમાણમાં પાણી અને વીજળી ઉપલબ્ધ કરાવાશે.

૫. પશુપ્રાણીઓને શહેરોથી બહાર રાખવા માટેના કાયદાનો અમલ કરાશે. માત્ર પરવાના ધરાવતાં પાળેલાં પ્રાણીઓને જ રાખી શકાશે.

૬. અગ્રતાના ધોરણે ભંડોળ પૂરૂ પાડીને શહેરોમાં પ્રાણીઓ વડે ખેંચીને હંકારાતાં તમામ વાહનોને યંત્ર વડે ચાલતા વૈકલ્પિક વાહનો વડે બદલવામાં આવશે. વાહન વડે સર્જાતા હવાના પ્રદૂષણને રોકવા માટે કાયદાનો અમલ કરવામાં આવશે.

૭. શહેરોમાં બસો, ટેકસીઓ તથા રિકશાઓ જેવા જાહેર સેવાના વાહનોને બદલવા માટે અગ્રતાના ધોરણે ભંડોળ પૂરૂ પાડવામાં આવશે.

૮. શહેરોમાં ફેરિયાઓ માટે નક્કી કરેલા વિસ્તારો હશે.

૯. તમામ ઝૂંપડાવાસીઓનો પુર્નવસવાટ કરવાની કામગરી બિન સરકારી સંગઠનો દ્વારા થશે.

૧૦. પાણીની તંગી નાબૂદ કરવા માટે જળસ્ત્રોતો સર્જીને તેનું વ્યવસ્થાપન કરાવવામાં આવશે. કાંઠાના તમામ વિસ્તારોમાં દરિયાના પાણીને કામમાં લેશે.

૧૧. કચરાના વ્યવસ્થાની વર્તમાન સુવિધાઓને ૧૦ ગણી વિસ્તારીને આધુનિક બનાવવામાં આવશે.

૧૨. હાલ અસ્તિત્વમાં રહેલી હોસ્પિટલો, દવાખાના તથા ગૌશાળાઓને નવેસરથી જોમવંતી બનાવવામાં આવશે.

૧૩. ગામડાં, નગરો તથા શહેરોનું સર્વેક્ષણ કર્યા બાદ "સૌર્ય અને જૈવિક કચરાની પ્રક્રિયા અને નિકાલને" સમાવીને જાહેર સુવિધાઓના પાંચ કરોડ એકમો બાંધવામાં આવશે. "જાહેરમાં કુદરતી હાજત" ભૂતકાળની બાબત બની જશે. બિન-સરકારી સંગઠનો આ કામગીરી કરશે.

૧૪. કતલખાનાઓને આધુનિક બનાવવામાં આવશે. જૈવિક કચરાના નિકાલ માટેના પ્લાન્ટો અથવા તેને બાળવા માટેના ઈન્સિનરેટરો ઉભા કરવામાં આવશે.

૧૫. શહેરો અને નગરોમાં દરેક નદી માટે બંધો-પાળો બાંધવામાં આવશે. નદીઓને તળિયે જામેલો કચરો-કાદવ બહાર ખેંચી કાઢવામાં આવશે જેથી કરીને નદીઓનો ઉપયોગ સહેલ માટે કરી શકાય અને આવક સુધ્ધા રળી શકાય. નદીઓમાં તથા બીજા જળસ્ત્રોતોમાં પ્રદૂષણ સર્જનારા પદાર્થોના નિકાલ પર પ્રતિબંધ મૂકતા કાયદાનો અમલ કરાવવામાં આવશે.

૧૬. નગરો અને શહેરોમાં દર ૨૦૦ મીટરના અંતરે વાહનોના પાર્ક કરવા માટેની બહુમજલી સુવિધાઓ બાંધવામાં આવશે. શેરીઓમાં ગીચતા ઘટાડી નચિંતપણે ચાલવા માટેના વોકિંગ મોલ્સ બનાવવામાં આવશે.

૧૭. વિશ્રાંતિ માટે નવા હરિયાળાં ક્ષેત્રો રચવામાં આવશે. હાલ અસ્તિત્વમાન રમત-ગમત માટેની સુવિધાઓને લોકો માટે ખુલ્લી મૂકવામાં આવશે.

૧૮. મનોરંજન, વિશ્રાંતિ તથા સક્રિય રાત્રિજીવન માટેની સુવિધાઓને પ્રોત્સાહન આપવામાં આવશે. દેહવ્યવસાય ઉદ્યોગને ઉદ્ધાર બનાવવામાં આવશે.

૧૯. પોલીસ દળને આધુનિક બનાવવામાં આવશે.

૨૦. ન્યાયતંત્રની સંપૂર્ણ કાયાપલટ કરવામાં આવશે. ભારતીય અદાલતોમાં અનિર્ણિત તમામ કેસોની ત્રણ વર્ષોમાં પતાવટ માટેનું લક્ષ્ય નકકી કરવામાં આશે. વિલંબથી મળેલ ન્યાય ન મળવા જેવું ગણાશે.

૨૧. ભારતમાં તમામ પ્રાણી સંગ્રહાલયો પર પ્રતિબંધ મૂકવામાં આવશે. આ પ્રાણી સંગ્રહાલયોને બાળકો માટેના બગીચા-પાર્કોમાં તબદિલ કરવામાં આવશે. "પ્રાણી રક્ષણ કાર્યક્રમો" હેઠળ પશુપ્રાણીઓને પાછા અરણ્યમાં મોકલાવી તેમનો પુર્નવસવાટ કરવામાં આવશે.

૨૨. ભારતમાં દરેક શહેર અને નગરમાં "સમાજમાં લાભોથી વંચિત-ગરીબો માટે આશ્રમો" બાંધવા માટે બિન-સરકારી સંગઠનોને પ્રોત્સાહન પૂરૂ પાડવામાં આવશે અને દરેક ભિખારીનો પુર્નવસવાટ કરવામાં આવશે.

૨૩. વિશેષપણે આર્થિક રીતે અને સામાજિકપણે લાભોથી વંચિત લોકો વચ્ચે "પરિવાર નિયોજનને" પ્રોત્સાહન આપવામાં આવશે.

૨૪. મહાનુભાવાદને નાબૂદ કરવામાં આવશે અને આ ખ્યાલ પર પ્રતિબંધ મૂકવામાં આવશે.

**કોપીરાઈટ : *૨૦૦૮, પ્રોફેશનલ્સ પાર્ટી ઓફ ઈન્ડિયા***

આ દસ્તાવેજના કોઈપણ ભાગની મુદ્રણ અથવા ડિજિટલ કોઈપણ સ્વરૂપમાં પ્રોફેશનલ્સ પાર્ટી ઓફ ઈન્ડિયાની પરવાનગી વિના નકલ અથવા પુન:રજૂઆત કરી નહીં શકાય.

# પ્રોફેશનલ્સ પાર્ટી ઓફ ઈન્ડિયા

**ચૂંટણી ઢંઢેરો**

## સાંસ્કૃતિક સુધારણા માટેનો ઢંઢેરો

### ઉદ્દેશ્ય : દરેક ભારતવાસીઓનું જીવનસ્તર સુધારવાનો

આપણી સંસ્કૃતિ સમૃદ્ધ, વૈભવશાળી, રંગબેરંગી અને વિવિધતા થી ભરપૂર છે. કેરળથી લઈને કાશ્મીર અને ગુજરાતથી લઈને અરૂણાચલ પ્રદેશ સુધીનો આપણા દેશનો દરેક ભાગ ભાષા, લોકસંગીત, વાર્તાઓ, લલિતકળાઓ, રસોઈ, વિજ્ઞાન તથા રીતરિવાજોમાં ખુદની ખૂબ જ આગવી અને મંત્રમુગ્ધ કરનારી ઓળખ ધરાવે છે.

આપણા દેશની આયુર્વેદિક દવાઓ વિશ્વભરમાં વખણાય છે. આપણી ખુદની યોગવિદ્યાએ વિશ્વભરમાં લાખો લોકોને સાજા કર્યા છે. ઉત્તર હિન્દુસ્તાની અને કર્ણાટક સંગીત સદીઓથી વિશ્વભરમાં શ્રોતાઓને આનંદ પમાડતું આવ્યું છે. શંખ હોય કે તંતુવાદ્યો કે પછી નગારૂ, આપણા સંગીતનાં વાદ્યો તેમની શ્રેણી તથા અવાજ-સૂરની ગુણવત્તામાં અજોડ છે. આપણે તાલ અને લયની જાદુઈ સમજ ધરાવીએ છીએ.

કામસૂત્ર વિશ્વને કાયમ મંત્રમુગ્ધ કરતું આવ્યું છે. ખગોળવિજ્ઞાન, હસ્તરેખાશાસ્ત્ર તથા કુંડળીશાસ્ત્રમાં આપણી પ્રવીણતા દંતકથામય છે. સ્થાપત્યની અજાયબીઓ સર્જવા માટે વપરાયેલી કુદરતી સામગ્રીઓનો અનંત ખજાનો આપણી પાસે છે. પૃથ્વી પર અન્ય કોઈપણ દેશથી વિપરીત, ભારત સેંકડો ઐતિહાસિક અને ભૌગોલિક અજાયબીઓ ધરાવે છે. તે છતાં, વાનરના હાથમા હીરાની જેમ આપણે તેનાથી અજાણ્યા છીએ. આપણા પૌરાણિક સ્થળો અર્થાત્ સાંસ્કૃતિક વારસાનાં સ્થળો-મંદિરો- સુધ્ધાં માનવીની કુદરતી હાજત કરવા માટેનાં સ્થળો બન્યા છે. પવિત્ર સ્થળ આથી વધુ કઈ રીતે ભ્રષ્ટ થવા પામે?

આપણામાંથી મોટાભાગના લોકોને રાષ્ટ્રગીતની જાણ નથી. તેથી વધુ શરમજનક વાત એવી છે કે, એક ચોક્કસ વર્ગ જાણીબૂઝીને રાષ્ટ્રગીત ગાવાનું નકારે છે. ઘણું કરીને બાળકોને ત્રિરંગાનું ગૌરવ શીખવાડવામાં નથી આવતું. "ભારતીયપણું" હવે ગર્વથી નથી લેવાતુ. રાષ્ટ્રવાદ અને દેશભકિત જેવા શબ્દો વીસરાઈ ગયા છે.

૧. સૌપ્રથમ આપણાં શહેરો, નગરો અને ગામડાંઓને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે રાષ્ટ્રીય ઝુંબેશ શરૂ કરવામાં આવશે.

૨. ભારતનું દરેક રાજ્ય, ખાનગી અને જાહેર ક્ષેત્રો વચ્ચેની ભાગીદારીમાં, સાંસ્કૃતિક નગરી ઉભી કરશે. તે વિમાનીમથક, રેલ્વે સ્ટેશન અને બસ ટર્મિનલ સાથે સંપૂર્ણ હશે અને શકય હોય તો વહેલી તકે આંતરરાષ્ટ્રીય ધોરણો સુધી નૂતનીકરણ - આધુનિકીકરણ કરવામાં આવશે.

૩. ભારતના તમામ મહત્વનાં સાંસ્કૃતિક કેન્દ્રો (જેવાં કે બોધ ગયા અને અજંટા-ઈલોરા)ને સ્વચ્છ, સુંદર અને આધુનિક બનાવવામાં આવશે. માત્ર આપણા વારસાનું જતન કરવા માટે નહીં, પરંતુ મુલાકાતીઓના લાભાર્થે પણ આવું કરવામાં આવશે.

૪. દરેક રાજ્ય ખુદને દર્શાવવા માટે દર વર્ષે ઔપચારિક સાંસ્કૃતિક સપ્તાહ યોજશે.

૫. સાંસ્કૃતિક પર્યટન રાષ્ટ્રીય જીવનનો સક્રિય ભાગ બનશે.

૬. ભારતીય ભોજન ઉત્સવોને ઔપચારિકપણે દરેક રાજ્યમાં સઘનપણે લોકપ્રિય બનાવવામાં આવશે.

૭. આપણાં શહેરો અને નગરોમાં હિતકારક "રાત્રિજીવન"ને પ્રોત્સાહન આપવામાં આવશે. (પ્રારંભમાં "સમાજવિરોધી તત્વો" અસરકારકપણે છતાં દયાભાવ વડે પહોંચી વળવા માટે પોલીસને સાધન સજ્જ કરાશે.)

**કોપીરાઈટ :** ***<u>૨૦૦૮, પ્રોફેશનલ્સ પાર્ટી ઓફ ઈન્ડિયા</u>***

આ દસ્તાવેજના કોઈપણ ભાગની મુદ્રણ અથવા ડિજિટલ કોઈપણ સ્વરૂપમાં પ્રોફેશનલ્સ પાર્ટી ઓફ ઈન્ડિયાની પરવાનગી વિના નકલ અથવા પુન:રજૂઆત કરી નહીં શકાય.

# પ્રોફેશનલ્સ પાર્ટી ઓફ ઈન્ડિયા

**ચૂંટણી ઢંઢેરો**

## શૈક્ષણિક સુધારણા માટેનો ઢંઢેરો

### ઉદ્દેશ્ય : દરેક ભારતવાસીઓનું જીવનસ્તર સુધારવાનો

ભારતીય વિદ્યાર્થીઓ દેશ કરતાં વિદેશની યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરવામાં વધારે આનંદ મેળવે છે તે સત્ય છે. તેનુ મુખ્ય કારણ છે કે ભારતીય શિક્ષણ પધ્ધતિ જૂના ઢબની છે. શિક્ષણનું અર્થ ફકત જ્ઞાન મેળવવુ છે. જ્ઞાન મેળવ્યુ એટલે તમે શિક્ષિત થયા આવી પરંપરાગત સિધ્ધાંત પર આપણી શિક્ષણ નીતિ છે.

ભારતીય શિક્ષણ પધ્ધતિ "મૂળભૂત શિક્ષણ"ના પરંપરાગત સિધ્ધાંતને અનુસરે છે - "જ્ઞાન માટેજ શિક્ષણ". શિક્ષણ નીતિ અહીંજ પૂરી થાય છે.

વિકસિત વિશ્વે તેમની શિક્ષણ વ્યવસ્થાને દાયકાઓ પૂર્વ બદલી છે. તેઓ "વ્યવહારૂ ઉપયોગપાત્ર જ્ઞાન" અથવા "વ્યવહારૂ ઉપયોગપાત્ર શિક્ષણ" પૂરૂ પાડવાની પધ્ધતિને અનુસરે છે. હવે તે તદ્દન જુદી વસ્તુ છે!

જ્ઞાનનો અમલ કરવો તે વ્યવહારિક શિક્ષણ પદ્ધતિ છે. વાસ્તવિક જીવનની પરિસ્થિતિમાં મેળવેલા જ્ઞાનનું અમલ કરવો વ્યવહારિક શિક્ષણ પદ્ધતિ કહેવાય. તે માત્ર રસપ્રદ જ નથી, પરંતુ વાસ્તવિક વિશ્વ સાથે તે સંબંધ ધરાવે છે. તેથી વ્યવહારૂ ઉપયોગપાત્ર જ્ઞાન એવી વ્યકિત નિર્માણ કરે છે જે ધંધા-વેપારમાં તથા અન્ય ક્ષેત્રોમાં વ્યવહારૂ અને સીધા ઉત્પાદકીય હોય છે.

ભારતમાં અમુક ઈજનેરી કોલેજો તથા મેનેજમેન્ટ ઈન્સ્ટિટયૂટો "ઉદ્યોગલક્ષી" અભ્યાસક્રમો પૂરા પાડે છે. મૂળભૂત શિક્ષણના સ્થાને "વ્યવહારૂ ઉપયોગપાત્ર શિક્ષણ" પૂરૂ પાડવા પ્રત્યેનો આ સ્થાનિક પ્રયાસ મર્યાદિત છે.

આ ઢંઢેરો એવી ભલામણ કરે છે કે આપણી શિક્ષણ પદ્ધતિ શાળાઓ અને કોલેજોમાં વ્યવહારૂ ઉપયોગપાત્ર જ્ઞાન પૂરૂ પાડે. ત્યારબાદ સમગ્ર વ્યવસ્થા એવા વિદ્યાર્થીઓ નિર્માણ કરશે કે જેઓ જીવનની વાસ્તવિક પરિસ્થિતિઓ પ્રત્યે જ્ઞાનનો ઉપયોગ કરવા અથવા તેને લાગુ કરવા માટે સુસજ્જ હશે. તેઓ વ્યવહારમાં "વૈશ્વિકપણે એક જ સમયે કામગીરી બજાવનારા હશે" અને આપણે ભારતમાં "શિક્ષિત બેરોજગારોની" દુ:ખદ પરિસ્થિતિ જોવા નહીં મળે.

૧. આપણી યુનિવર્સિટીઓ, કોલેજો અને શાળાઓને સ્વચ્છ અને સુંદર બનાવશું.

૨. દરેક ગામ અને નગરમાં પ્રાથમિક શાળાઓ સ્થાપવા માટે બિન-સરકારી સંગઠનોને પ્રોત્સાહન આપવામાં આવશે. શેરી બાળક સહિત, ભારતમાં દરેક બાળક દિવસનાં સમય દરમિયાન શાળામાં ભણવું જોઈએ. કાયદો આ બાબતનો અમલ કરાવશે. આ શાળાઓમાં સંપૂર્ણ "મધ્યાહ્ન ભોજન" નિ:શુલ્ક પૂરૂ પાડવામાં આવશે.

૩. શકય હોય તેટલા "શિક્ષક તાલીમ કેન્દ્રો" શરૂ કરવામાં આવશે. "વ્યવહારૂ ઉપયોગપાત્ર જ્ઞાન" આપવા માટે શિક્ષકોને તાલીમ આપવામાં આવશે.

૪. ભારતમાં દરેક ઈન્ડસ્ટ્રિયલ ટ્રેનિંગ ઈન્સ્ટિટયૂટ (આઈ.ટી.આઈ.)ને આધુનિક બનાવીને તેનું વિસ્તરણ કરવામાં આવશે. ઉદ્યોગ (આઈ.ટી.આઈ.)માં સામેલ થાય તેવો અનુરોધ કરવામાં આવશે. ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકો આવી ઈન્સ્ટીટ્યુટ (આઈ.ટી.આઈ.)માં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને અપનાવવામાં વધારે રસ ધરાવશે.

૫. ભારતમાં મોટા પાયે વિદેશી ભંડોળવાળી શાળાઓને છૂટ આપવાની વિચારાણાર્થે સંવાદ શરૂ કરવામાં આવશે.

૬. અરૂણાચલ પ્રદેશથી લઈને ગુજરાત, જમ્મુ અને કાશમીરથી લઈને કેરળ સુધી ભારતમાં દરેક રાજ્ય સંપૂર્ણપણે ભંડોળ પૂરૂ પડાયેલી, આંતરરાષ્ટ્રીય સ્પોર્ટસ અકાદમી ધરાવશે.

**કોપીરાઈટ : *૨૦૦૮, પ્રોફેશનલ્સ પાર્ટી ઓફ ઈન્ડિયા***
આ દસ્તાવેજના કોઈપણ ભાગની મુદ્રણ અથવા ડિજિટલ કોઈપણ સ્વરૂપમાં પ્રોફેશનલ્સ પાર્ટી ઓફ ઈન્ડિયાની પરવાનગી વિના નકલ અથવા પુન:રજૂઆત કરી નહીં શકાય.